## પ્રાસ્તાવિક :

ઈશ, કેન, કઠ વગેરે... પ્રશિષ્ટ (Classical) ઉપનિષદો તો જગપ્રસિદ્ધ છે અને તેના પર વિદ્વાનોએ પુષ્કળ કામ પણ કર્યું છે.. આ પ્રશિષ્ટ ઉપનિષદો સિવાયનું પણ ઉપનિષદ સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. પ્રાચીન પરંપરા પ્રમાણે (મુક્તિકોપનિષદ અનુસાર) ૧૦૮ ઉપનિષદો ઉપલબ્ધ છે. આ ઉપનિષદોમાં પણ પુષ્કળ વિષયવૈવિધ્ય છે . આ ઉપનિષદોનો છૂટોછવાયો અભ્યાસ થયો છે. વૈદિક સાહિત્યના ઇતિહાસોમાં અને ઉપનિષદ પરના સાહિત્યમાં પણ આ ઉપનિષદોમાંથી કેટલાંક વિશે છૂટીછવાઈ નોંધ મળે છે. કેટલાંક ઉપનિષદોનો તો અંગ્રેજીમાં અનુવાદ પણ થયો છે. પણ આ ઉપનિષદો જેને પ્રશિષ્ટોત્તર ઉપનિષદો એવું પણ નામ આપવામાં આવ્યું છે તેનો સર્વાંગી અભ્યાસ હજુ સુધી થયો હોવાનું જાણમાં નથી. જે કંઈ થોડા ઘણા અભ્યાસો થયા છે, તેમાં પણ વિષયવાર ઉપનિષદોને અલગ તારવીને અભ્યાસ થયો હોવાની માહિતી નથી. પ્રશિષ્ટ ઉપનિષદો સિવાયનાં સર્વ ઉપનિષદોનો અભ્યાસ એ બહુ જ મોટું કામ છે એટલે આ પ્રશિષ્ટોત્તર ઉપનિષદોમાંથી વેદાન્તવિષયક ઉપનિષદોનો અભ્યાસ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

અડ્યાર લાયબ્રેરી મદ્રાસ (હવે ચેન્નાઈ) દ્વારા વિષયવાર વર્ગીકરણ કરીને આ ઉપનિષદોને પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આમાં

પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાનનાં - ૧૦

સામાન્ય વેદાન્તનાં - ૨૪

શૈવ મતાનુસારી - ૧૪

શાક્ત મતાનુસારી - ૮

યોગનાં - ૨૦

સંન્યાસનાં - ૨૦

વૈષ્ણવ મતાનુસારી - ૧૪ છે.

સામાન્ય વેદાન્તવિષયક ઉપનિષદોની સંખ્યા મહાદેવ શાસ્ત્રી પ્રમાણે કુલ ૨૪ છે. મહાદેવ શાસ્ત્રી સંપાદિત सामान्य वेदान्त-उपनिषदःમાં શ્વેતાશ્વતર ઉપનિષદોનો સમાવેશ થતો નથી. વધુમાં કૌષીતકિ ઉપનિષદ આમ તો પ્રશિષ્ટ (Classical) ઉપનિષદ ગણાય. પણ, મહાદેવ શાસ્ત્રીએ તેમના સંપાદનમાં આ ઉપનિષદનો સમાવેશ કર્યો હોવાથી અમે પણ આ ઉપનિષદને અમારા અભ્યાસનો વિષય બનાવ્યો છે. આ સિવાયનાં, અહીં સમાવેશ નહિ પામેલાં - પણ, વિષય સામગ્રીની દષ્ટિએ વેદાન્તનાં ગણી શકાય કે કેમ તેની પણ યોગ્ય સ્થળે અમે ચર્ચા કરી છે. પણ અહીં એટલું જ કહેવું પર્યાપ્ત થઇ પડશે કે અમે મહાદેવ શાસ્ત્રી સંપાદિત સામાન્ય વેદાન્તવિષયક ઉપનિષદોના પાઠને આધારભૂત માનીને ચાલ્યા છીએ. તેના સંદર્ભે આ ઉપનિષદો સાથે સંલગ્ન અન્ય ઉપનિષદોની પણ યથાસ્થાને ચર્ચા કરી છે. આ અમારા અભ્યાસનો વિષય બનેલાં ઉપનિષદો સાથે સંકળાયેલા પ્રશ્નોની પણ અમે ગવેષણા કરી છે જે પછીના પ્રકરણમાંથી સ્પષ્ટ થશે. આમાં મુખ્યત્વે વિષય સમીક્ષા, પાઠ સમીક્ષા, ઉપનિષદોનો કાળ, ઉપનિષદોમાં થયેલું સૃષ્ટિ વિષયક ચિંતન અને ઉપનિષદોમાં થયેલી નીતિવિષયક વિચારણાનો સમાવેશ થાય છે.

તદુપરાંત અત્યાર સુધી ઉપનિષદો પર થયેલા વિદ્વત્તાપૂર્ણ અભ્યાસોની પણ અમે યથાયોગ્ય સહાય લીધી છે. આ અભ્યાસોમાં -

1) A.B. Keith ના The Religion and Philosophy of the Vedas and Upnishads

(2) M. Winternitz ના A History of Indian Literature

(3) S.G. Desai ના A Critical Study of the Later Upanishads

(4) Paul Deussen ના Sixty Upanishads of the Vedas

(5) Weber ના A History of Indian Literature, vol.1 and 2

(6) R.E. Hume ના The Thirteen Principal Upanishads

જેવા ગ્રંથોનો સમાવેશ કરી શકાય.

પ્રકરણ-૧ માંઉપનિષદનો એક પરિચય આપવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં ઉપનિષદો વિશેની સર્વસામાન્ય માહિતી આપવામાં આવી છે, અને આ સાહિત્ય સાથે સંકળાયેલા કેટલાક મહત્ત્વના મુદ્દાઓની છણાવટ કરવામાં આવી છે.

ઉપનિષદ શબ્દનો અર્થ :

આરંભમાં ઉપનિષદ શબ્દના અર્થની ચર્ચા કરવામાં આવી છે. શંકરાચાર્યથી માંડીને ઓલ્ડનબર્ગ અને ડોયસન જેવા આધુનિક વિદ્વાનોએ કરેલાં અર્થઘટનોની અહીં સમીક્ષાત્મક નોંધ કરવામાં આવી છે. શંકરાચાર્ય उपनिषद् એટલે બ્રહ્મજ્ઞાન કે જેનાથી અવિદ્યાનું વિશરણ થાય છે. અથવા બ્રહ્મ તરફ ગતિ થાય અથવા મનુષ્યનાં ગર્ભવાસ વગેરે દુઃખ દૂર થાય. આ સિવાય પણ શંકરાચાર્યે ઉપનિષદો પરનાં ભાષ્યોમાં જ્યાં જે કંઇ ચર્ચા કરી હોય તેનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

આપણે એ પણ જાણીએ છીએ કે ઓલ્ડનબર્ગ નામના વિદ્વાને उपनिषद् શબ્દનું પગેરું ઉપાસનામાં જોયું છે. આ મતનો ઉપનિષદ સાહિત્યના અઠંગ અભ્યાસી ડોયસને વિરોધ કર્યો છે. અને તેમના મત પ્રમાણે उपनिषद् શબ્દનો અર્થ રહસ્ય થાય છે અને જેમાં આ રહસ્ય સમાયું છે તે ઉપનિષદ ગ્રંથો, એવો અર્થ થાય છે.

આ સિવાય અન્ય મેકસમૂલર જેવા વિદ્વાનોના મત પણ ટાંકવામાં આવ્યા છે.

ઉપનિષદોની સંખ્યા :

ઉપનિષદોની સંખ્યા વિશે પણ પુષ્કળ અનિશ્ચિતતા પ્રવર્તે છે. પ્રશિષ્ટ ઉપનિષદો તો ईशकेनकठ ... એ કારિકા પ્રમાણે અગિયાર કે બાર છે. પણ મુક્તિકોપનિષદ, ઉપનિષદોની સંખ્યા ૧૦૮ આપે છે. મુક્તિકોપનિષદ ઉપનિષદોનું વર્ગીકરણ પણ કરે છે. મુક્તિકોપનિષદ સાથે સાથે દરેક વેદની શાખાઓની સંખ્યા પણ આપે છે. અને દરેક શાખાને પોતાનું ઉપનિષદ હોય એવો જો પારંપરિક નિયમ માન્ય રાખીએ તો મુક્તિકોપનિષદની શાખાઓની સંખ્યા ૧૧૭૨ ઉપનિષદો થાય. પણ મુક્તિકોપનિષદ પોતે જ ૧૦૮ ઉપનિષદો ગણાવે છે. એટલે બાકીનાં ઉપનિષદો ઉપલબ્ધ નથી એમ માનવું રહ્યું.

આધુનિક વિદ્વાનોએ સંશોધન કરીને ઉપનિષદોની સંખ્યાને ૨૩૯ના આંકડે પહોંચાડી છે.

આધુનિક સમયમાં વિદ્વાનોએ ઉપનિષદ સંગ્રહોની પણ ચર્ચા કરેલી છે. આ સંગ્રહોમાં મુક્તિકોપનિષદ સંગ્રહ ઉપરાંત નારાયણનો ઉપનિષદ સંગ્રહ, કોલબ્રુકનો ઉપનિષદ સંગ્રહ વગેરેની પણ અહીં મહાનિબંધમાં ચર્ચા પ્રસ્તુત છે.

આ ઉપરાંત ઉપનિષદોનો રચનાકાળ પણ એક જટિલ પ્રશ્ન રહ્યો છે, તો તેની ચર્ચા પણ અમે આધુનિક વિદ્વાનોના મત સંદર્ભે કરી છે.

મુક્તિકોપનિષદ જે તે વેદ સાથે સંલગ્ન ઉપનિષદોના શાંતિપાઠ ( જે ભિન્ન ભિન્ન) આપે છે. તેનો પણ અમે ઉલ્લેખ કર્યો છે.

વધુમાં પ્રાચીન સમયની સાથે સાથે ઉપનિષદો આધુનિક સમયમાં પણ અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આધુનિક જગતમાં ઘણા વિચારકો ઉપનિષદની અને ખાસ તો પ્રશિષ્ટ ઉપનિષદોની વિચારધારાથી પ્રભાવિત થયા છે. આની પણ અમે આ મહાનિબંધમાં ચર્ચા કરી છે. ઉપનિષદ સાહિત્યનો પરિચય મળી રહે તે હેતુથી પ્રશિષ્ટ ઉપનિષદોના તત્ત્વચિંતનની સારરૂપે ચર્ચા અહીં કરવામાં આવી છે. આપણે જાણીએ છીએ તે પ્રમાણે ઉપનિષદો જીવન અને સૃષ્ટિનાં રહસ્યોને, અસ્તિત્વના મૂળને, દૃશ્યમાન જગત અને તેની પેલે પારનાં પરિબળો સાથેના મનુષ્યના સંબંધને તાગવા મથે છે. આ સર્વ તત્ત્વચિંતનાત્મક બાબતોની પણ અહીં ચર્ચા કરી છે.

પ્રકરણ-૨માં વેદાન્તવિષયક ઉપનિષદોની વિષય સમીક્ષા કરવામાં આવી છે.

અડયાર લાયબ્રેરીના અધ્યક્ષ શ્રી મહાદેવ શાસ્ત્રી સંપાદિત ''अष्टोत्तर शतोपनिषत्सु सामान्यवेदान्त उपनिषदः એ પુસ્તકને કેન્દ્રમાં રાખીને આ અધ્યયન અમે હાથ ધર્યું છે. આ ગ્રંથમાં સામાન્ય વેદાન્તને લગતાં ૨૪ ઉપનિષદો છે. આ ઉપનિષદો આ પ્રમાણે છે. अक्ष्युपनिषत्, अध्यात्म, अन्नपूर्णा, आत्म, आत्मबोध, एकाक्षर, कौषीतकिब्राह्मण, गर्भ, निरालम्ब, पैङ्गल, प्राणाग्निहोत्र, मन्त्रिक, महा, मुक्तिका, मुद्गल, मैत्रायणि, वज्रसूचिका, शारीरक, शुकरहस्य, सर्वसार, सावित्री, सुबाल, सूर्य,

સ્કન્દ.

એવું બન્યું છે કે મહાદેવ શાસ્ત્રીએ પોતાના આ ગ્રંથમાં અમુક ઉપનિષદોને સામાન્ય વેદાન્તનાં ઉપનિષદો તરીકે ગણાવ્યાં નથી. પણ અન્ય વિદ્વાનોએ જો આ ઉપનિષદોને સામાન્ય વેદાન્તમાં ગણાવ્યાં હોય - (દા.ત. ડોયસન પોતાના Sixty Upanishads of the Veda : Vol.2 માં ગરુડ અને પિંડ ઉપનિષદને સામાન્ય વેદાન્તનાં ઉપનિષદ ગણાવે છે.) તો તેની પણ અમે સાધક-બાધક ચર્ચા કરી છે.

આની સાથે સાથે એવું પણ બન્યું છે કે મહાદેવ શાસ્ત્રીએ સામાન્ય વેદાન્તવિષયક માનીને જ ઉપનિષદને આ ગ્રંથમાં સમાવ્યું હોય તેને અન્ય વિદ્વાનો સામાન્ય વેદાન્તવિષયક ગણાવતા નથી. નિદર્શનરૂપ ડોયસન મહોપનિષદ અને આત્મબોધ ઉપનિષદોને વિષ્ણુ વિષયક ઉપનિષદ ગણાવે છે. પણ, મહાદેવ શાસ્ત્રીએ પોતાના આ ગ્રંથમાં આ બંને ઉપનિષદોનો વેદાન્ત વિષયક ઉપનિષદો તરીકે સમાવેશ કર્યો છે. તો મહાદેવ શાસ્ત્રીના આ ગ્રંથને કેન્દ્રમાં રાખી અમે આ પ્રમાણેની ચર્ચા આ પ્રકરણમાં કરી છે.

એક પરિસ્થિતિ એવી પણ છે કે સામગ્રી, નિરૂપણની પદ્ધતિ વગેરે... બાબતમાં તેજોબિંદુ ઉપનિષદ આમ તો વેદાન્તવિષયક જ ગણી શકાય તેમ છે. કેટલાક વિદ્વાનોએ તેને યોગનું ઉપનિષદ માન્યું છે. પણ, ખરેખર તો તેને વેદાન્ત વિષયક જ ગણવું જોઇએ. મહાદેવ શાસ્ત્રીએ તેજોબિંદુ ઉપનિષદનો સમાવેશ આ ગ્રંથમાં કર્યો નથી એટલું તો અહીં નોંધી શકાય.

પ્રકરણ-૩માં વેદાન્તવિષયક ઉપનિષદોના પાઠ સમીક્ષા કરવામાં આવી છે.

સામાન્ય વેદાન્ત વિષયક ઉપનિષદોમાં જેમ સંખ્યાની બાબતમાં મતભેદ પ્રવર્તે છે તેમ તેના પાઠમાં પણ એકવાક્યતા જોવા મળતી નથી. મહાદેવ શાસ્ત્રી સંપાદિત સામાન્ય વેદા ત વિષયક ઉપનિષદ અને વિદ્વાનો દ્વારા સંપાદિત ગ્રંથોમાં ઉપનિષદોના પાઠ (Text) નો તુલનાત્મક અભ્યાસ કરતાં જણાય છે કે એક જ ઉપનિષદના પાઠમાં કોઇ એકવાક્યતા નથી. કયારેક વાક્યભેદ જણાય છે તો કયારેક પાઠને વચ્ચેથી ટૂંકાવી દેવામાં આવે છે. તો ઘણી વખત વધારે લાંબુ

સંસ્કરણ પણ જોવા મળે છે. જેમ કે, માધવાનંદ સંપાદિત Minor Upanishads માં आत्मोपनिषद् માં પરમાત્માના સ્વરૂપના વર્ણનથી પાઠ પૂરો થાય છે. જયારે મહાદેવ શાસ્ત્રી સંપાદિત सामान्य वेदान्तउपनिषद: માં ગદ્યભાગ પૂરો થયા પછી ૩૧ શ્લોકો વધારાના મળે છે. તે જ પ્રમાણે सर्वसारोपनिषद्માં માયાના સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી પાઠ પૂરો થાય છે, જયારે મહાદેવ શાસ્ત્રીના ઉપનિષદ ગ્રંથમાં ગદ્યભાગ પૂરો થયા પછી પણ પદ્યરૂપે વધારાના ૧૬ થી ૨૧ શ્લોકો મળે છે જે Minor Upanishads માં નથી.

એ જ રીતે મૈત્રાયણી ઉપનિષદના પાઠમાં કોઇ ચોક્કસ સંગતિ જોવા મળતી નથી. મહાદેવી શાસ્ત્રીએ ચાર પ્રપાઠક સુધીનો જ પાઠ આપેલ છે. પરંતુ ભટ્ટાચાર્યે અને પંડિત જગદીશ શાસ્ત્રીએ આગળ પાઠ ચાલુ રાખેલ છે. એટલે એનો અર્થ એ થયો કે ચાર પછી પણ આ ઉપનિષદ કેટલીક હસ્તપ્રતોમાં ચાલુ છે. પરન્તુ એટલું તો ચોક્કસ કહી શકાય કે મહાદેવ શાસ્ત્રી મૈત્રાયણી ઉપનિષદના ચાર પ્રપાઠક, ભટ્ટાચાર્ય પાંચ, પંડિત જગદીશ શાસ્ત્રી સાત પ્રપાઠકનો ઉલ્લેખ કરે છે. ટૂંકમાં, એટલું તો ચોક્કસ કહી શકાય કે મૈત્રાયણી ઉપનિષદના પાઠમાં મોટો વિવાદ છે.

આ હકીકત છે કે હજુ પણ નવ્ય અને આપણા અધ્યયનનો વિષય બનેલા વેદાન્તવિષયક ઉપનિષદોમાં પાઠની કોઇ એકવાકયતા નથી જેની વિશદ ચર્ચા અમે અમારા ગ્રંથમાં કરેલી છે.

પ્રકરણ-૪ માં વેદાન્તવિષયક ઉપનિષદોનો સાર આપવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં મહાદેવ શાસ્ત્રીએ પોતાના પુસ્તકમાં સમાવેલાં અમારા અભ્યાસને લગતાં જે ચોવીસ ઉપનિષદો છે-જેનો ઉલ્લેખ આગળ અમે કર્યો છે-તેનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

આ પ્રકરણમાં લગભગ દરેક ઉપનિષદના શીર્ષકની મિતાક્ષરી ચર્ચા કરવામાં આવી છે. શીર્ષકને સમજાવવામાં આવ્યું છે. વળી, દરેક ઉપનિષદનો સાર પણ આપવામાં આવ્યો છે. સાથે સાથે આ સર્વ ઉપનિષદો વિશે વૈદિક સાહિત્યના ઇતિહાસોમાં કે પછી છૂટક છૂટક તે ઉપનિષદો પરના થયેલા અભ્યાસોનો પણ

અમે ઉપયોગ કર્યો છે. વૈદિક સાહિત્યના ઇતિહાસોમાં વેબર, મેક્સમૂલર, વિન્ટરનિત્ઝ જેવાના ગ્રંથોનો સમાવેશ થાય છે. તો કીથ, રાનડે-બેલવલકર, ડોયસન જેવાના ઉપનિષદો વિશેના ગ્રંથોની પણ અમે સહાય લીધી છે. આ વિષયમાં હજુ હમણાં જ પ્રકાશિત થયેલાં (૧૯૯૬) ડૉ. એસ.જી.દેસાઇ સાહેબનાં "A Critical Study of the Later Upanishads" પુસ્તકનો અમે લાભ લઇ શક્યા છીએ તેનો આનંદ છે.

પ્રકરણ-૫માં વેદાન્તવિષયક ઉપનિષદોમાં સૃષ્ટિ વિષયક ચિંતન રજૂ કરવામાં આવ્યું છે.

પ્રકરણ :૫ માં આ ઉપનિષદોમાં જે કંઇ સૃષ્ટિવિષયક ચિંતન થયું છે તેની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપનિષદોમાં સૃષ્ટિના સર્જન વિષયક ભિન્ન ભિન્ન મતો રજૂ થયા છે. આ મતોને વ્યાપક રીતે નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

(૧) તત્ત્વચિંતનાત્મક સર્જન

(૨) પ્રાકૃતિક સર્જન

(૩) પંચમહાભૂતોમાંથી સર્જન

(૪) કોઇ એક દેવતામાંથી સર્જન

(૫) પૌરાણિક સર્જન

(૬) સાંખ્ય સૃષ્ટિ પ્રમાણે સર્જન

(૭) શારીરિક સર્જન

(૮) પૂર્ણ બ્રહ્મમાંથી સર્જન

જે સિદ્ધાંતો પ્રમાણે સૃષ્ટિનું સર્જન થયું છે તેની પણ અમે આ પ્રકરણમાં ચર્ચા કરી છે.

વધુમાં સૃષ્ટિના લયની પણ આ પ્રકરણમાં વિચારણા કરવામાં આવી છે. આમ, આ પ્રકરણમાં સૃષ્ટિની ઉત્પત્તિ અને લય બંને વિશે આ ઉપનિષદોમાં જે કંઇ ચિંતન પથરાયેલું પડયું છે તેને અમે એક સાથે સૈદ્ધાંતિક વિભાજન કરીને મૂકવાનો

પ્રયત્ન કર્યો છે.

પ્રકરણ-૬માં વેદાન્તવિષયક ઉપનિષદોમાં થયેલું નીતિવિષયક ચિંતન પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

આ પ્રકરણમાં આ ઉપનિષદોમાં રજૂ થયેલા નૈતિક વિચારોની સમીક્ષા કરવામાં આવી છે. આમ તો સાધારણ રીતે એવું માનવામાં આવે છે કે પ્રશિષ્ટ ઉપનિષદોમાં નૈતિકતાની ઓછામાં ઓછી ચર્ચા કરવામાં આવી છે. એટલું જ નહિ પણ ક્યારેક તો નૈતિકતાની વિરુદ્ધનું પણ પ્રતિપાદન થતું હોય તેવું જણાય છે. આ પ્રમાણેનો હ્યુમ જેવા આધુનિક વિદ્વાનોનો આક્ષેપ પણ છે. તો આ સર્વ ચર્ચાના સંદર્ભે અમારા અભ્યાસના ઉપનિષદોમાં જે કંઇ નૈતિક વિચારો ફલિત થતા હોય તેની પણ અમે યથાયોગ્ય ચર્ચા કરી છે.

આ ઉપનિષદોને અંતે રજૂ થતી ફલશ્રુતિમાં કેટલીકવાર તત્કાલીન નૈતિકતા પ્રતિબિંબિત થતી હોય છે. તો તેની પણ અમે ચર્ચા કરી છે.

છેવટે પ્રકરણ-૭માં સમગ્ર મહાનિબંધનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં સ્પષ્ટ છે કે અત્યાર સુધી વેદાન્ત વિષયક નવ્ય ઉપનિષદોની જે કંઇ ચર્ચા અમે આગળના પ્રકરણોમાં કરી છે તેનો અહીં સંક્ષિપ્ત સાર આપ્યો છે. સાથે સાથે આ મહાનિબંધમાં અમારા સંશોધન દરમ્યાન જે કંઇ વિશિષ્ટ કે નોંધપાત્ર તારણો અમને સાંપડયાં છે તેનો પણ અમે અહીં નિર્દેશ કર્યો છે. સમસ્ત મહાનિબંધનો સાર આ પ્રકરણમાં પ્રસ્તુત થયો છે અને સાથે સાથે સંશોધન તારણોને મિતાક્ષરી ઢબે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

બધા પ્રકરણોને અંતે આ મહાનિબંધમાં ઉપયોગમાં લીધેલા અથવા અમારા વિચારને વિશદ કરવામાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે સહાયભૂત બનેલાં પુસ્તકોની સૂચિ આપી છે.

આ પ્રકારનો અભ્યાસ અમારી જાણ પ્રમાણે અહીં પહેલીવાર પ્રસ્તુત કરવામાં આવ્યો છે. અમારો અભ્યાસ હજુ વધારે ઊંડાણથી પર્યેષણા કરનારને ઉપયોગી થશે એવું અમે નમ્રતાપૂર્વક માનીએ છીએ. અને તેમ થાય તો જ આ સંશોધનાત્મક નિબંધની સાર્થકતા છે.

*****